પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૮૪ | ૩ જુન, ૨૦૨૩, શનિવાર; જેઠ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારત ૩ જુલાઈએ ઈતિહાસ રચશે

**આગામી ૩જી જુલાઈએ ચંદ્રયાન-૩ થશે લોન્ચ : ભારતના લોકોને ગૌરવ અપાવવાનું એક મિશન છે : ભારત ચંદ્રયાન લોન્ચ કરવામાં સફળ થાય છે, તો તે ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે, આ પહેલા અમેરિકા, રશિયા અને ચીન તેમના ચંદ્રયાનને સફળતાપૂર્વક લેન્ડ કરી ચૂક્યા છે**

નવી દિલ્હી, તા. ૨

ભારત આવતા મહિનાની ૩જી તારીખે એટલે કે ૩જી જુલાઈએ નવો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. રશિયા પણ ભારતની મદદ માટે આગળ આવ્યું છે અને તેણે તેના મૂન લેન્ડર મિશનને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. જેથી ભારતના ચંદ્રયાન-૩ને ચંદ્ર પર ઉતરવામાં સફળતા મળી શકે. જો ભારત ચંદ્રયાન લોન્ચ કરવામાં સફળ થાય છે, તો તે ચંદ્રયાનને સફળતાપૂર્વક લોન્ચ કરનાર વિશ્વનો ચોથો દેશ બની જશે. આ પહેલા અમેરિકા, રશિયા અને






ચીન તેમના ચંદ્રયાનને સફળતાપૂર્વક લેન્ડ કરી ચૂક્યા છે. ચંદ્રયાન મિશન ૨૨ જુલાઈ ૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. જો કે, તે સમયે ચંદ્રયાન લોન્ચ કરનાર લેન્ડર વિક્રમ ક્રેશ થઈ ગયું હતું. ત્યારથી ભારત ચંદ્રયાન ૩ની તૈયારી કરી રહ્યું છે. ચંદ્રયાનના પ્રક્ષેપણ અંગે ઈસરોના ચીફ સોમનાથે કહ્યું કે અમે મિશન ચંદ્રયાન-૨માં ભલે નિષ્ફળ ગયા હોય પરંતુ ચંદ્રયાન-૩ની સફળતાથી ઈતિહાસ રચીશું. અમે ભૂતકાળની નિષ્ફળતામાંથી

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં અથડામણમાં એક આતંકવાદી ઠાર

**રાજૌરી સેક્ટરના દસલમાં આતંકવાદીઓ છુપાયાની માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન દરમિયાન કાર્યવાહી**



જમ્મુ, તા. ૨

જમ્મુ-કાશ્મીરના રાજૌરી સેક્ટરમાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ જારી છે. જંગલની અંદર બંને તરફથી ગોળીબાર થઈ ગયો છે. અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો છે. સુરક્ષાદળો દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ છે.

રાજૌરી સેક્ટરના દસલ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ પહેલા ગઈકાલે સાંબા સેક્ટરમાં બીએસએફ જવાનોએ સરહદ પર એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો હતો. પોલીસે દસલથી આગળ સામાન્ય લોકો અને વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. જંગલની અંદર સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. જંગલમાં એકથી બે આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાની માહિતી મળતા જ સુરક્ષાદળોના વધુ જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

## રાજકીય પક્ષો સત્તા માટે મર્યાદા ન ભૂલે : મોહન ભાગવત



**રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડાની રાજકીય પક્ષોને સલાહ : પૂજા કે ઈબાદતની પદ્ધતિ અલગ હોવા છતાં આપણા પૂર્વજો અહીંના હતા એ હકીકત આપણે સ્વીકારવી પડશે**

નાગપુર, તા. ૨

વિવિધતાને દેશની તાકાત ગણાવતા સંઘના વડા મોહન ભાગવતે રાજકીય પક્ષોને સલાહ આપી છે કે તેઓ સત્તા માટે મર્યાદા ન ભૂલે. સંઘ શિક્ષા વર્ગના ત્રીજા વર્ષના સમાપન સમારોહને સંબોધતા આરએસએસના વડા ભાગવતે કહ્યું કે પૂજા કે ઈબાદત કરવાની પદ્ધતિ અલગ હોવા છતાં આપણા પૂર્વજો અહીંના હતા એ હકીકત આપણે સ્વીકારવી પડશે. વિદેશી આક્રમણકારો આપણા પૂર્વજો ન હતા.

સંઘ પ્રમુખે કહ્યું કે, દેશની જૂની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવા માટે મહત્વપૂર્ણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ રાજકીય પક્ષોએ સત્તા માટે હદ વટાવવાનું વલણ છોડવું પડશે. સંઘ પ્રમુખે કહ્યું કે વિદેશી આક્રમણ પહેલા પણ સાંસ્કૃતિક વિવિધતા આપણી સંસ્કૃતિનો એક ભાગ હતી. જેના કારણે અહીં યહૂદીઓ, પારસીઓ અને તમામ સંપ્રદાયોને સ્થાન મળ્યું. દુઃખની વાત એ છે કે સેંકડો વર્ષની ગુલામી પછી વિદેશી

● અનુસંધાન પાન-૭ પર

## મહિલા રેસલર્સના સમર્થનમાં યોજાયેલી ખાપમાં ઝઘડો થયો

**કુરુક્ષેત્રમાં ખાપ પંચાયતની બેઠક દરમિયાન કોઈ મુદ્દે બેઠકમાં ઉપસ્થિત ચૌધરી અંદરો અંદર ઝઘડી પડ્યા**

કુરુક્ષેત્ર, તા. ૨

ભારતીય કુસ્તી સંઘના અધ્યક્ષ અને ભાજપ સાંસદ



બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કુસ્તીબાજો સતત પ્રદર્શનો કરી રહ્યા છે. કુસ્તબાજોનો સમર્થનમાં ખાપ પંચાયતો પણ મેદાનમાં ઉતરી આવી છે અને કુરુક્ષેત્રમાં ખાપ પંચાયતની બેઠકનું આયોજન કરાયું છે, જોકે આ દરમિયાન કોઈ મુદ્દે બેઠકમાં ઉપસ્થિત ચૌધરી અંદરો અંદર ઝઘડી પડ્યા છે અને જોત જોતામાં હંગામો શરૂ થઈ ગયો છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

જોકે આજે યોજાયેલી પંચાયતમાં ચૌધરી અંદરો અંદર કયા કારણે ઝઘડી પડ્યા તે વાતની પુષ્ટી થઈ શકી નથી. અગાઉ કુસ્તીબાજોના સમર્થનમાં ગુરુવારે ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ખાપ પંચાયત યોજાઈ હતી. દરમિયાન ગુરુવારે મુઝફ્ફરનગર યોજાયેલી ખાપ પંચાયત અને આજે કુરુક્ષેત્રમાં યોજાયેલી મહાપંચાયતમાં શું

● અનુસંધાન પાન-૭ પર

**કોસ્ટ ગાર્ડ-DRIએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી**

## દાણચોરોએ દરિયામાં ફેંકેલું ૧૧ કિલો સોનું શોધી કાઢ્યું

**પેટ્રોલિંગ ટીમે જોયું કે, ભાગવાનો પ્રયાસ કરતાં પહેલા આ બોટમાંથી ત્રણ શખ્સોએ કેટલાક બંડલ દરિયામાં ફેંકી દીધા હતા**



નવી દિલ્હી, તા. ૨

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ દ્વારા પાક સ્ટ્રેટ (ભારત અને શ્રીલંકા વચ્ચે આવેલી સમુદ્રી સીમા)માં ફેંકી દેવામાં આવેલા ગેરકાયદે સોનાને શોધવા માટે સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શ્રીલંકાથી ગેરકાયદેસર રીતે ભારતમાં સોનું ઘૂસાડવામાં આવી રહ્યું હતું. ત્યારે દાણચોરોએ પેટ્રોલિંગ બોટને જોતાં જ સોનું દરિયામાં ફેંકી દીધું હતું. બે દિવસ સુધી સમુદ્રમાં શોધખોળ કર્યા પછી કોસ્ટગાર્ડના ડાઈવર્સે ૧૧.૬ કિલો સોનું ગુરુવારે મંડપ પાસેના સમુદ્રના તળિયેથી શોધી કાઢ્યું છે.

## આવતીકાલથી ગોવાથી મુંબઈ વચ્ચે દોડશે વંદે ભારત ટ્રેન

**મોદી શનિવારે વર્ચ્યુઅલી લીલી ઝંડી બતાવશે : અત્યાર સુધી મુંબઈથી ત્રણ વંદે ભારત ટ્રેનો ચાલી રહી છે, જે ગાંધીનગર, શિરડી અને સોલાપુર માટે ચાલે છે**

મુંબઈ, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સવારે ઓનલાઈન માધ્યમથી પ્રથમ પ્રવાસમાં મડગાંવ રેલ્વે સ્ટેશનથી ગોવા-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. રેલ્વે અધિકારીઓએ અહીં જણાવ્યું કે, આ દેશની ૧૯મી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત એક્સપ્રેસ હશે, ચોથી વંદે ભારત ટ્રેન મુંબઈથી અને પાંચમી વંદે ભારત ટ્રેન મહારાષ્ટ્રથી ઓપરેટ થશે. તેમણે જણાવ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર

બેસણું



સ્વ. શ્રી વીરેન્દ્રસિંહ બલવંતસિંહ ઝાલા

જય સ્વામિનારાયણ

અમારા પિતા શ્રી વિરેન્દ્રસિંહ બલવંતસિંહ ઝાલા (અડવાળ-જાળીયા) અક્ષર નિવાસી થયેલ છે. સદ્ગતનું બેસણું ૫/૬/૨૦૨૩ સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળઃ પુર્ણમ રેસિડેન્સી, રાધે ત્રિપલવનની સામે, પ્રોમિનેન્ટ હોટલ રોડ, કુડાસણ, ગાંધીનગર

શોકાતુર

અનિરુદ્ધસિંહ વિરેન્દ્રસિંહ ઝાલા (પુત્ર)
મો. ૬૩૫૧૫૬૮૨૯૮
કુલદિપસિંહ વિરેન્દ્રસિંહ ઝાલા (પુત્ર)
મો. ૯૮૨૫૫૦૪૨૩૯

જગદેવસિંહ હરિશ્ચંદ્રસિંહ ઝાલા (ભાઈ)
પરાક્રમસિંહ યોગરાજસિંહ ઝાલા (ભાઈ)
સુરેન્દ્રસિંહ દોલતસિંહ ઝાલા (ભાઈ)
રાજેન્દ્રસિંહ ઇન્દ્રસિંહ ઝાલા (ભાઈ)

મિનાક્ષીબા યોગેન્દ્રસિંહ જાડેજા (પુત્રી)
યોગેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા (જમાઈ)
હર્ષરાજસિંહ અનિરુદ્ધસિંહ ઝાલા (પૌત્રા)
હાર્દિકા, નેહાંશી, જહાન્વી (પૌત્રી)

## લીબિયાના બળવાખોરોની કેદમાંથી નવ ભારતીય ખલાસીઓ મુક્ત

જાવિયા, તા. ૨

લીબિયાના એક બળવાખોરોના જૂથે જાન્યુઆરીથી કેદ કરી રાખેલા નવ ભારતીય ખલાસીઓને મુક્ત કરી દીધા છે. આ તમામ ખલાસીઓ કેમરુનના માયા-૧ શિપ પર ચાલકદળમાં સામેલ હતા. આ જહાજ ગ્રીક કંપની મેસર્સ રેડવિંગ્સ શિપિંગ એસએનું હતું અને લીબિયાના જાંજૌર ક્ષેત્રમાં ક્રેશ થઈ ગયું હતું. આ ઘટના બાદ જાવિયા શહેરમાં અલ માયા પોર્ટની નજીકમાં સ્થાનિક સશસ્ત્ર સમૂહ અજ જાવિયાએ ચાલકદળની ધરપકડ કરી લીધી હતી.

આ ખલાસીઓની મુક્તિનો શ્રેય બે મુખ્ય વ્યક્તિઓના પ્રયાસોને અપાઈ રહ્યો છે તેમાં બેંગાજીમાં ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ તબસ્સુમ મંસૂર અને ટ્યુનિશિયામાં ભારતના રાજદૂત નગુલખમ જથોમ ગંગટે સામેલ છે.

રાજદૂત ગંગટેએ કહ્યું હતું કે ત્રિપોલીના ગત પ્રયાસોના પરિણામસ્વરૂપે અમને કોઈ સફળતા મળી નહોતી પણ મંસૂરની ભૂમિકા મહત્ત્વની રહી અને તેમણે ખલાસીઓની મુક્તિનો માર્ગ મોકળો કરી આપ્યો.



પ્રાર્થનાસભા

૯૫મી જન્મજયંતિએ હાર્દિક સ્મરણાંજલિ

સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ

તારીખ : ૦૩-૦૬-૨૦૨૩ | સમય : સવારે ૮ : ૩૦ થી ૯.૩૦

સ્થળ : નર્મદા ઘાટ, ગાંધીનગર

આપને ઉપસ્થિત રહેવા નિમંત્રણ

● સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ ● સરદાર વલ્લભભાઈ સહકારી બેંક ● સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી

સિધ્ધાર્થ પટેલ | સુહૃદ પટેલ | ડૉ.સુજાતા શાહ
ડૉ.વિરાજ પટેલ | પ્રિતી પટેલ | વિવેક શાહ

## નેપાળના વડાપ્રધાને પ્રચંડે મહાકાલના મંદિરમાં દર્શન કર્યા

**બિમાર પત્નીના સારા સ્વાસ્થ્ય માટે પ્રચંડે પત્નીના નામ પર પૂજા કરી હતી**

ઉજૈન, તા. ૨

ભારતના પ્રવાસે આવેલા નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડ ઉજૈનના મહાકાલ મંદિર પહોંચ્યા હતા. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે તેમનું સ્વાગત કર્યું હતું. પહેલા તે ઈન્દોર પહોંચ્યા અને પછી ઉજૈન જવા રવાના થયા હતા. પ્રચંડને મળવા પર શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, 'ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો ઐતિહાસિક છે. ક્યારેક એવું લાગે છે કે બે દેશો જ અલગ છે, પરંતુ સંસ્કૃતિ અને સભ્યતા એક જ સરખી છે. અમને આશા છે કે, બંને દેશો વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચશે. આ દરમિયાન શિવરાજ સિંહ ચૌહાણ પણ નેપાળી કેપ પહેરેલા જોવા મળ્યા હતા.

ફ્રી સેમીનાર: Student Visa
CANADA/ USA/ Aus/ UK

જાગૃત વાલી માટે ખાસ

"લાખો રૂપિયા" અને "અમૂલ્ય વર્ષ" બચાઓ.

તારીખઃ ૦૩.૦૬.૨૦૨૩, શનિવાર સમયઃ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦
૦૪.૦૬.૨૦૨૩, રવિવાર સમયઃ સાંજે ૫:૦૦ થી ૬:૦૦
6359597040